# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 9 •• December, 2004

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


## *શું આવું કંઈક કરીને*
## તિથિના પ્રશ્ને એકવાક્યતા લાવી શકાય?

ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક આસો વદ અમાસે હોય છે એમાં કોઈ મતભેદ નથી. તેમ છતાં આપણા પૂર્વાચાર્યોની આજ્ઞા છે કે 'લૌકિક દિવાળી હોય ત્યારે લોકોત્તર દિવાળીનું ગણણું કરવું.'

આવો સિદ્ધાંત આપનારા પૂર્વાચાર્યોના મનમાં કયા ખ્યાલો હશે? આપણે લૌકિક પંચાંગોનો ઉપયોગ કરવો પડતો હોવાથી તે પંચાંગમાં, દિવાળી, આસો વદ અમાસ સિવાયના દિવસે આવે ત્યારે *'ભગવાન મહાવીરનું નિર્વાણ તો દિવાળીએ થયું હતું અને આ લોકો તો દિવાળી એ સિવાયના દિવસે કરે છે'* એવો લોકાપવાદ ઊભો ન થાય એવો જ કોઈ ઉચ્ચ હેતુ પૂર્વાચાર્ય ભગવંતોના મનમાં રહ્યો હોવો જોઈએ.

હવે આ સિદ્ધાંતને જ આગળ વધારીએ તો પંચાંગોની માન્યતા જેને જે રાખવી હોય તે રાખે – દા. ત. લૌકિક પંચાંગમાં ભા. સુ. પાંચમના ક્ષય પ્રસંગે જેને ચોથ-પાંચમ ભેગાં લખવાં હોય તે તેમ કરે અને જેને પાંચમ આખી ઊભી રાખીને ત્રીજનો ક્ષય કરવો હોય તે તેમ કરે કે છટ્ઠના ક્ષયની પસંદગીવાળા તેમ કરે. પરંતુ તે બધા સંવત્સરી સંબંધી આરાધના તો જાહેર લોકતહેવાર હોય ત્યારે કરે.

દા. ત. લૌકિકો જે દિવસે ગણેશચતુર્થી કરે તે દિવસે સંવત્સરી કરવી, લૌકિક હોળી હોય તે દિવસે ફાગણ ચોમાસી કરવી. આ રીતે પોતપોતાનાં પંચાંગો કાયમ રાખીને *દિવાળીનો દાખલો અનુસરીને* જો દરેક મોટાં પર્વોની આરાધના થાય તો કદાચ તિથિના પ્રશ્ને શ્રી સંઘમાં શાન્તિ ફેલાઈ શકે ખરી.

આ મુદ્દે ચાવીરૂપ સ્થાનોએ બિરાજેલા કૃપાળુ આચાર્ય ભગવંતો કંઈક વિચારશે તો તિથિ પ્રશ્ને સમાધાન થવાની શક્યતાઓ ઊજળી છે.

આવું કાયમી ધોરણે ન કરવું હોય તો આપવાદિક ધોરણે કંઈક આવું પણ વિચારી શકાય : ''જ્યાં સુધી સકલ સંઘ (*રિપિટ, 'સકલ સંઘ'*) સર્વાનુમતિથી તિથિ અંગેનું કોઈ કાયમી સમાધાન ન શોધી કાઢે ત્યાં સુધી'' આ પ્રથા અમલમાં રહે. પછીથી સકલ સંઘે નક્કી કરેલી વ્યવસ્થાનુસાર વર્તવાનું રહે.

# કલિકાલ સર્વજ્ઞના જન્મદિને વિશેષ

# આવા હતા જૈનાચાર્યો

જૈન આચાર્યો નદી જેવા હતા. નદીના કિનારે આવેલો માણસ તરસ્યો ન રહી શકે. નદી જેવા જૈનાચાર્યની સમીપે આવેલા માણસની જ્ઞાનપિપાસા છીપ્યા વિના ન રહે. જૈનાચાર્યો સૂર્ય જેવા હતા. એમનાં તપ, ત્યાગ અને ચારિત્રના તેજ આગળ કોઈ પણ વ્યક્તિને ઝૂકી જવા બાધ્ય થઈ જવું પડતું. જૈનાચાર્યો ચંદ્ર જેવા હતા. ખરેખર તો એમના સ્વભાવની શીતળતા સામે ચંદ્રની શીતળતાય ઝાંખી પડતી. જૈનાચાર્યો પાણી જેવા હતા. એમના શરણે આવેલાની નિર્મળતા થયા વિના ન રહેતી.

જ્ઞાનના દરિયા, સમતાના સાગર અને કરુણાના ભંડાર એવા ચારિત્રધર જૈનાચાર્યોનાં પગલાં જ્યાં પડી જતાં ત્યાં આપોઆપ તીર્થ રચાઈ જતાં. એ ભૂમિ પાવન બની જતી.

જૈનાચાર્યો કદી ચમત્કાર ન કરતા પરંતુ એમના મુખમાંથી નીકળેલા શબ્દોથી એવું કંઈક બની જતું કે લોકોને એમાં ચમત્કાર દેખાતો. એમનાં દર્શનથી કંઈક એવું બની જતું કે ચમત્કારનો સાચો અર્થ લોકોને સમજાઈ જતો. એમના આગમનથી કંઈક એવું બની જતું કે પછી લોકો ચમત્કારની જાળ અને જંજાળમાંથી જ મુક્ત બની જતા.

જૈનાચાર્યો કદી પોતાના કર્તવ્યમાં પીછેહઠ ન કરતા. તેઓ કદી સત્યનો માર્ગ ન ચાતરતા. ચક્રવર્તીઓ તેમનાં ચરણોમાં આળોટતા પણ એથી તેઓ કદી છકી ન જતા. સત્તા અને સંપત્તિના સ્વામીઓ જૈનાચાર્યોનાં ચરણો પખાળતા પરંતુ તેઓ તો એ બધાથી અલિપ્ત જ રહેતા.

જૈનાચાર્યોના હૃદયમાં હંમેશાં શાસનના હિતની ચિંતા રહેતી. શાસન ઉપર આફત આવી હોય ત્યારે જૈનાચાર્યો કદી શાંતિથી સૂઈ શકતા નહીં અને આફતોના નિરાકરણ માટે જરૂર પડ્યે તેઓ જાનની બાજી લગાડી દેતાં પણ અચકાતા નહીં.

પહેલાં શાસન, પછી સમુદાય અને છેલ્લે શિષ્ય. આ જૈનાચાર્યોનો અગ્રતાક્રમ રહેતો. પહેલાં શિષ્ય, પછી સમુદાય અને છેલ્લે સમય બચે તો જૈનશાસન; એવા અગ્રતાક્રમવાળા જૈનાચાર્ય તો પ્રાચીન યુગમાં જોવા ય ન મળતા.

આજનું જૈનશાસન કોઈ અસલી જૈનાચાર્યના આગમન અને અવતરણની રાહ જોઈ રહ્યું છે.

## સમય ચિંતન

'ભવબીજને અંકુરિત કરનારા રાગાદિ દોષો જેના વિલુપ્ત થઈ ચૂક્યા છે, તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય કે પછી જિનેશ્વર હોય; તેને મારા નમસ્કાર છે.'

**– કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય**

*(કુમારપાળ સાથે સોમનાથની યાત્રા વખતે મહાદેવની સ્તુતિરૂપે કરેલા ઉદ્‌ગાર)*


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૯
સળંગ અંક ૩૩
ડિસેમ્બર, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

# તમે 'કલિકાલસર્વજ્ઞ' બિરુદ અંગે કદી વિચાર્યું છે?

જૈનશાસનને અજવાળનારા શિખર સમા દસ આચાર્યોનાં નામો લખવાનાં હોય તો એમાં હેમચંદ્રાચાર્યનું નામ ન આવે એવું ન બની શકે.

કલિકાલસર્વજ્ઞને આપણે કઈ રીતે ઓળખીશું? અખૂટ સાહિત્યનો વૈભવ મૂકી જનારા આચાર્ય તરીકે? અઢાર દેશના શાસક કુમારપાળના ગુરુ તરીકે? ગુજરાતનો ડંકો દુનિયામાં વગાડનાર ગુજરાતના પનોતા પુત્ર તરીકે? કે પછી અન્ય કોઈ રીતે?

હેમચંદ્રાચાર્યને ઓળખવા માટે જેટલાં મોઢાં એટલાં વિશેષણો હોઈ શકે, પણ સાચું પૂછો તો એમને 'કલિકાલસર્વજ્ઞ' કહી દીધા પછી બીજું કશું કહેવા જેવું રહે છે જ ક્યાં!

એક મજાનું રહસ્ય છે અને તે એમના આ જગવિખ્યાત વિશેષણમાં જ છુપાયેલું છે. પહેલામાં પહેલી વાત એ કે 'કલિકાલ' શબ્દ જૈનોનો નથી અને એક પ્રખર જૈનાચાર્યનું વિશેષણ છે : 'કલિકાલસર્વજ્ઞ!'

જૈનધર્મમાં પંચમકાળની કલ્પના છે, દુઃષમાકાળની કલ્પના છે, પાંચમા આરાની કલ્પના છે પરંતુ કલિકાલ કે કળિયુગ જેવા ખ્યાલો જૈનધર્મના નથી. કળિયુગ અને કલિકાળ વગેરે શબ્દો અને ધારણાઓ હિન્દુ સંસ્કૃતિનાં છે, જૈન સંસ્કૃતિનાં નહીં. આમ છતાં હેમચંદ્રાચાર્યનું 'કલિકાલસર્વજ્ઞ' વિશેષણ એટલું બધું પ્રખ્યાત થઈ ગયું છે કે ખુદ જૈનોને જ એ વિષે કશું વિચારવાનો વિચાર આવતો નથી!

⊙⊙⊙

'કલિકાલસર્વજ્ઞ' બિરુદ એ વાતની સાક્ષી પૂરે છે કે તેઓને જૈનો ઉપરાંત ઈતર સમાજના વિદ્વાનો પણ કઈ રીતે માન આપતા હતા.

⊙⊙⊙

જૈનાચાર્ય હોય એટલે આદરણીય તો હોય જ. એમાંય જ્ઞાની હોય, તપસ્વી હોય, ત્યાગી હોય, વ્યાખ્યાતા હોય, ગ્રંથકાર હોય તો પછી પૂછવું જ શું! સમગ્ર જૈનશાસન તેમના પ્રત્યે ઓળઘોળ થઈ જાય અને તેમની માટે જાતજાતનાં વિશેષણો છલકાવી દે : મહાત્યાગી, મહાજ્ઞાની, મહાતપસ્વી, અજોડ શાસનપ્રભાવક, પ્રખર વક્તા, વ્યાખ્યાન વાચસ્પતિ, યુગપ્રધાન વગેરે. પણ આ બધાં વિશેષણો કોણે આપ્યાં હોય? સ્વાભાવિક રીતે જ જૈનોએ પોતે! આપણા ગુરુ આપણી દૃષ્ટિએ મહાન હોય, શ્રદ્ધેય હોય, પૂજનીય હોય એ બધું આપણા ઘર પૂરતું બરાબર છે પરંતુ બહાર દુનિયામાં આપણા ગુરુનું શું સ્થાન છે કે બહારની દુનિયા આપણા ગુરુને કેવી રીતે મૂલવે છે એ આપણે કદી વિચારતા નથી. વરને વખાણે પોતાની મા. એ ઉક્તિ આપણા ગુરુઓ માટે બરાબર લાગુ પડે છે.

હેમચંદ્રાચાર્યનું 'કલિકાલ-સર્વજ્ઞ' બિરુદ એ વાતની સાક્ષી પૂરે છે કે તેઓને જૈનો ઉપરાંત ઈતર સમાજના વિદ્વાનો પણ કઈ રીતે માન આપતા હતા. એક વાત નક્કી છે કે આ વિશેષણ એમને મળ્યું છે જૈનેતર વિદ્વાનો દ્વારા. અને એ એટલું બધું પ્રખ્યાત થઈ ગયું કે જૈનોએ પણ એમને 'કલિકાલસર્વજ્ઞ' તરીકે ઓળખવાનું ચાલુ રાખ્યું.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જન્મદિન અવસરે એમનાં પાવન ચરણોમાં શતશઃ વંદનાવલિ.

# કલિકાલસર્વજ્ઞની જ્ઞાનસેવા : ઊડતી નજરે

**સિદ્ધહેમ વ્યાકરણ :** સંસ્કૃતભાષાનું બેનમૂન વ્યાકરણ. આ ગ્રંથે શ્રી હેમચંદ્રાચાર્યને દિગ્દિગંતમાં ખ્યાતિ અપાવી.

**કોષ સાહિત્ય :** અભિધાન ચિંતામણિ, અનેકાર્થ કોષ, દેશી નામમાલા અને નિઘંટુકોષ; આ કોષસાહિત્યમાં સંસ્કૃત, અનેકાર્થવાચી, દેશી અને વનસ્પતિ સંબંધી શબ્દોનો બહોળો સંગ્રહ છે. વનસ્પતિ સંબંધી શબ્દોનો કોષ બનાવવો એ ખાવાના ખેલ નથી. આ કોષ દ્વારા એમનું સર્વદેશીય જ્ઞાન પૂરવાર થાય છે. આયુર્વેદના પરવર્તી નિષ્ણાતો માટે વનસ્પતિકોષ સોના જેવો મૂલ્યવાન પૂરવાર થયો છે.



**કાવ્યાનુશાસન :** 'કાવ્યની રચના આનંદ માટે હોય છે' એ કાવ્યાનુશાસનનો પ્રધાન સૂર છે. મમ્મટ અને હેમચંદ્રાચાર્યના કાવ્ય-ચિંતનનો પાયાનો તફાવત અહીં દેખાઈ આવે છે. હેમચંદ્રાચાર્યના કાવ્યાનુશાસનમાં લક્ષ્યની ઉચ્ચતા દૃષ્ટિગોચર થાય છે.

**છન્દોનુશાસન :** છંદોનું જ્ઞાન જેટલું વિશદ એટલી જ કાવ્યરચના વધુ આહ્લાદક. છંદો ઉપર શ્રી હેમચંદ્રાચાર્યનું કેવું પ્રભુત્વ હતું તે એમણે બાંધી આપેલાં લક્ષણો ઉપરથી ખ્યાલમાં આવે છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓમાં વપરાતા છંદોનાં લક્ષણો અહીં ઉદાહરણ સાથે જોવા મળે છે. રચનાકારે આ ગ્રંથ ઉપર વૃત્તિ પણ રચી છે.

**દ્વાત્રિંશિકા :** અન્યયોગવ્યવચ્છેદિકા અને અયોગવ્યવચ્છેદિકાના અધ્યયન વિના ભારતીય દર્શનશાસ્ત્રમાં પ્રવેશ કરવો એટલે અંધારી ગુફામાં ફાંફાં મારવાં. દર્શનશાસ્ત્રની ચર્ચાઓનો અદ્ભુત ચમત્કાર એટલે આ દ્વાત્રિંશિકાઓ. 'જૈન મુનિઓને કોરી આધ્યાત્મિક બાબતો સિવાય કશામાં સમજણ ન પડે' એવી અન્ય દર્શનના વિદ્વાનોની માન્યતાઓનો ભાંગીને ભુક્કો કરનારી, ડગલે ને પગલે રસાસ્વાદથી ભરપૂર એવી તત્ત્વચર્ચાઓ તો 'વાંચે તે નાચે' જ! થોડામાં ઘણું કહેવાની કળા કોને કહેવાય એ સમજવા માટે પણ આ દ્વાત્રિંશિકાઓ અદ્ભુત સામગ્રી પૂરી પાડે છે.

**દ્વયાશ્રય મહાકાવ્ય :** કુમારપાળ ચરિત્રના વર્ણનરૂપ આ ગ્રંથ અનેક રીતે મહત્ત્વનો ગણાય – ગુજરાતના તત્કાલીન ઈતિહાસની સામગ્રીની દૃષ્ટિએ અને સિદ્ધહેમ વ્યાકરણને સારી રીતે પચાવવા માટેના માર્ગદર્શકની દૃષ્ટિએ. 'સિદ્ધહેમ'માં આપેલા પ્રત્યેક નિયમની સાધનિકા માટે પ્રસ્તુત દ્વયાશ્રય કાવ્ય વાંચ્યા વિના ચાલે જ નહીં!

**યોગશાસ્ત્ર :** 'યોગ તો જાણે અમુક ચોક્કસ

વ્યક્તિ કે વ્યક્તિસમૂહનો જ ઈજારો' એવી ધારણાઓને ભાંગી નાખતો આ ગ્રંથ વાંચ્યા પછી અસલી યોગ શું કહેવાય એની અસલી સમજણ આવ્યા વિના ન રહે. અને યોગશાસ્ત્ર વાંચ્યા પછી યોગ વિષયક અન્ય કોઈ સાહિત્ય વાંચવાની જરૂરત ન રહે એવી યોગ સંબંધી સર્વદેશીય બાબતોનું નિરૂપણ કરતા આ ગ્રંથને વાંચ્યા પછી અન્યદેશીય વિદ્વાનો પણ મોંમાં આંગળા નાખી ગયા હતા.

**પ્રમાણમીમાંસા :** 'ઈશ્વર જગતનો કર્તા નથી' એ સિદ્ધાંતને થોડા પણ બહુમૂલ્ય શબ્દોમાં સમજાવી દેતો લાજવાબ ગ્રંથ. પ્રમાણ અને પ્રમેયની ચર્ચા કરતો આ ગ્રંથ આપણા દુર્ભાગ્યે આજે સાંગોપાંગ ઉપલબ્ધ નથી.

**ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર :** ચોવીસ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો અને નવ બળદેવોનાં સમગ્ર જીવનને આવરી લેતો સંસ્કૃત કાવ્યજગતનો બેનમૂન ગ્રંથ.

**પરિશિષ્ટપર્વ :** ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રની શૈલીમાં જ લખાયેલો જૈન ઈતિહાસનો માન્ય ગ્રંથ.

**વીતરાગ સ્તોત્ર :** વીતરાગ તત્ત્વનો પરિપૂર્ણ પરિચય કરાવનાર અત્યંત ભાવવાહી છતાં તેમની અન્ય રચનાઓની દૃષ્ટિએ પ્રમાણમાં સમજવામાં સરળ પડે એવો ગ્રંથ.

આ ઉપરાંત તેઓશ્રીના અનેક ગ્રંથો છે. આટલી વિપુલ માત્રામાં સાહિત્ય રચનારા શ્રી હેમચંદ્રાચાર્યને 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ મળે એમાં શું આશ્ચર્ય છે.

## કોણ કહે છે કે જૈન મુનિઓ સમાજકલ્યાણમાં રસ નથી લેતા?

જૈન મુનિઓ ઉપર એવો આરોપ મૂકવામાં આવે છે કે તેઓ સમાજકલ્યાણમાં રસ નથી લેતા. હકીકત તો એ છે કે જૈન મુનિઓ તો સમગ્ર જગતનું કલ્યાણ ઈચ્છનારા હોય છે. આવા મુનિઓ જે સમાજની વચ્ચે રહેતા હોય તેના કલ્યાણની કામના ન કરે એવું બને ખરૂં?



શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળને આપેલી પ્રેરણા અને ઉપદેશના પ્રતાપે રાજાએ એવાં કામો કર્યાં હતાં કે જેના કારણે શ્રી હેમચંદ્રાચાર્યને યુગો સુધી યાદ કરવા પડે.

જૂના યુગમાં જે પુરુષ બિનવારસી મરી જાય તેનું ધન રાજાઓ લઈ લેતા હતા. આચાર્ય શ્રી હેમચંદ્રે આ કુપ્રથા બંધ કરાવી હતી અને અપુત્રીયાનું ધન રાજા ન લઈ લે તે પ્રકારનો કાયદો કરાવ્યો હતો. કુમારપાળની આજ્ઞાનું પાલન કરનારા બધા રાજાઓ માટે આ કાયદાનું પાલન ફરજિયાત હતું. આ કાયદાના કારણે પુત્રવિહોણી હજારો દુઃખિયારી વિધવાઓના આશીર્વાદ તેમને મળ્યા હતા. આવું સમાજકલ્યાણ તો દુનિયાના કોઈ ધર્મગુરુ કરાવી શક્યા નથી.

# કલિકાલસર્વજ્ઞની વાક્ચાતુરી

રાજસભામાં ઈર્ષ્યાળુઓનો તોટો ના હોય.

એક રાજપુરુષે મહારાજા કુમારપાળના કાનમાં કહ્યું :

'મહારાજા, આ જૈનો સૂર્યની પૂજા નથી કરતા. તેઓ સૂર્યને માનતા જ નથી.'

મહારાજાએ હેમચંદ્રસૂરિ સામે જોઈને પૂછ્યું : 'ગુરુદેવ, શું જૈનો સૂર્યને નથી માનતા? શું તેઓ સૂર્યપૂજા નથી કરતા?'

'રાજન, સૂર્ય તો પ્રકાશનો મૂળ સ્રોત છે. અમે સૂર્યના પરમ ઉપાસક છીએ. એટલે જ તો સૂર્ય અસ્ત થઈ જતાં અમે રોજ ભોજનનો ત્યાગ કરીએ છીએ. અરે, એના વિરહના દુઃખથી તો અમે રાત્રે પાણી પણ નથી પીતા!'

કલિકાલસર્વજ્ઞનો આવો સચોટ ઉત્તર સાંભળીને મહારાજાએ પેલા ઈર્ષ્યાળુ તરફ સૂચક નજરે જોયું :

પેલા પાસે કોઈ જવાબ ન હતો.

: ૨ :

રાજસભામાં દેશ દેશના વિદ્વાનો આવે અને પછી તો જાત જાતની ચર્ચા જામે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ગુજરાતના રાજદરબારના એક તેજસ્વી હીરલા હતા. એમના વિના સભામાં બરાબર ગોઠડી ન જામે. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળની સભામાં કલિકાલસર્વજ્ઞની હાજરીમાત્રથી રોનક આવી જતી.

એક દિવસની વાત છે.

કોઈક કારણસર શ્રી હેમચંદ્રાચાર્યજીને સભામાં આવતાં મોડું થયું. ત્યાં સુધીમાં તો વિદ્વાનો વચ્ચે જ્ઞાનગોષ્ઠીનો આરંભ થઈ ચૂક્યો હતો.

પછી સૂરિજી સભામાં પધાર્યા એટલે એક પંડિતથી ન રહેવાયું. તેને આચાર્યશ્રીની મજાક ઉડાડવાનું મન થયું. તેણે આચાર્યશ્રીને આવકારતાં કટાક્ષમાં કહ્યું :

'લો આ ગોવાળીયો ડાંગ અને કાંબળો લઈને આવી ગયો!'

જૈન મુનિના હાથમાં ધર્મદંડ હોય છે અને તેમના ખભે કામળી હોય છે. એટલે પંડિતનો કટાક્ષ બરાબર જામતો હતો. આવો આવકાર સાંભળીને સભામાં બેઠેલા બીજા પંડિતો પણ હસી પડ્યા.

પણ શ્રી હેમચંદ્રાચાર્યની અસલી બુદ્ધિની હજી ક્યાં કોઈને જોઈએ એવી ખબર હતી! એમણે તરત જ જવાબ આપ્યો :

'ખરી વાત છે. છએ દર્શનના પશુઓને જૈનદર્શનના વાડામાં ચરાવવા માટે હું ગોવાળીયો બનીને આવ્યો છું!'

કહેવાની જરૂર નથી કે મજાક કરનાર પંડિતનું મોઢું કેવું થઈ ગયું હશે!

# આપનું પુસ્તક મળ્યું...



ભદ્રંકર પ્રકાશનનાં નીચે મુજબનાં પુસ્તકો મળ્યાં છે. આ બધાં જ પુસ્તકો અતિમૂલ્યવાન અને દરેકે દરેક જ્ઞાનભંડાર, પુસ્તકાલય અને લાયબ્રેરીએ વસાવવા લાયક છે. આ પ્રકાશનોમાં મુખ્યત્વે પૂર્વાચાર્ય ભગવંતોનું અણમોલ સાહિત્ય છે અને થોડું અર્વાચીન સાહિત્ય પણ છે. ભદ્રંકર પ્રકાશનના માર્ગદર્શક પૂજનીય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દેખરેખ નીચે પ્રકાશિત / પુનઃ પ્રકાશિત એવું આ સાહિત્ય સ્વાધ્યાયપ્રેમી અને અભ્યાસપ્રેમી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા; એમ દરેક વર્ગને ઉપયોગી છે.

**પ્રકાશક :** ભદ્રંકર પ્રકાશન

૪૯ / ૧ મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ, અમદાવાદ ૩૮૦૦૦૪.

ફોન નં. ૨૨૮૬૦૭૮૫

* * * * *

**પ્રવચનસારોદ્ધાર** ભાગ ૧ તથા ૨ ● ગુજરાતી ભાવાનુવાદ ● બીજી આવૃત્તિ ● સંપાદકઃ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● અનુવાદકઃ પૂ. મુ. શ્રી અમિતયશવિજયજી મ. ● મૂલ્યઃ ૧૫૦ રૂપિયા (પ્રત્યેક ભાગના).

*

**વિશેષાવશ્યક ભાષ્ય** ભાગ ૧ તથા ૨ ● ગુજરાતી ભાષાન્તર ● તૃતીય સંસ્કરણ ● સંપાદકઃ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● ભાષાન્તરકારઃ સ્વ. શાહ ચુનીલાલ હકમચંદ - અમદાવાદ ● મૂલ્યઃ ૨૦૦ રૂપિયા (પ્રત્યેક ભાગના).

*

**ઉત્તરાધ્યયનસૂત્ર** ભાગ ૧ તથા ૨ ● શ્રી લક્ષ્મીવલ્લભગણિ રચિત ટીકા ● બીજી આવૃત્તિ ● સંપાદકોઃ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. અને પૂ. મુનિ શ્રી ભાગ્યેશવિજયજી મ. ● મૂલ્યઃ ૧૫૦ રૂપિયા (પ્રત્યેક ભાગના).

*

**બૃહત્ ક્ષેત્રસમાસ** ભાગ ૧ તથા ૨ ● ગુજરાતી વિવેચન ● બીજી આવૃત્તિ ● સંપાદકઃ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● વિવેચનકારઃ પૂ. આ. શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ. ● મૂલ્યઃ ૧૦૦ રૂપિયા (પ્રત્યેક ભાગના).

*

**લઘુ ક્ષેત્રસમાસ** ● ગુજરાતી વિસ્તારાર્થ ● પુનઃ સંસ્કરણ ● સંશોધકઃ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. ● સંપાદિકાઃ પૂ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મ. ● મૂલ્યઃ ૧૨૫ રૂપિયા.

*

**શાન્તસુધારસ** ● ગુજરાતી વિવેચન ● વિવેચનકારઃ શ્રી મોતીલાલ ગિ. કાપડીયા ● મૂલ્યઃ ૨૦૦ રૂપિયા.

*

**શ્રાદ્ધવિધિ પ્રકરણ** ● ગુજરાતી ભાષાન્તર ● સંપાદકઃ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● ભાષાન્તરકારઃ પં. શ્રી દામોદર ગોવિંદાચાર્ય ● મૂલ્યઃ ૧૨૦ રૂપિયા.

*

**સમ્યક્ત્વ સપ્તતિ** ● ગુજરાતી અનુવાદ ●

અનુવાદિકા: પૂ. સાધ્વી શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. ● મૂલ્ય: ૧૧૦ રૂપિયા.

*

**ભક્તિભાવના** ● ચૈત્યવંદનો, સ્તુતિઓ, સ્તવનો અને નવાં - જૂનાં ભક્તિગીતોનો વિશાળ સંગ્રહ ● સંગ્રાહક: પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: લેબલમાં દબાવાથી જાણી શકાયું નથી.

*

**ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ** ● ચિંતક - લેખક: પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ● ત્રીજી આવૃત્તિ ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૨૦૦ રૂપિયા.

*

**પ્રાકૃતિક પરમ તત્ત્વનું મિલન** ● ચિંતક - લેખક: પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૨૦૦ રૂપિયા.

*

**આત્મ ઉત્થાનનો પાયો** ● ચિંતક - લેખક: પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૧૫૦ રૂપિયા.

*

**પૂજ્ય પંન્યાસજી મહારાજનાં પ્રવચનો** ● પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.નાં પ્રવચનોનો સંગ્રહ ● સંકલક અને આલેખક: પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૧૨૦ રૂપિયા.

*

**આત્મસાધના માર્ગ** ● લેખક - ચિંતક: પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૨૦૦ રૂપિયા.

*

**ઉપમિતિભવપ્રપંચા કથા** ભાગ ૧, ૨ અને ૩ ● ગુજરાતી ભાષાન્તર ● ભાષાન્તરકાર: મોતીચંદ ગિ. કાપડીયા ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૨૫૦ રૂપિયા (પ્રત્યેક ભાગના). [ભાષાકીય પરિવર્તનો સાથેનું પુનઃપ્રકાશન છે.]

* * * * *

~~~~~~~~~~~~~~~~~~~~~~~

**લોકપ્રકાશ** ● મૂળ અને ગુજરાતી ભાષાન્તર ● ભાગ ૧થી ૫ ● સર્ગ ૧થી ૨૦ના ભાષાન્તરકાર: શ્રી મોતીચંદ ઓધવજી શાહ ● સર્ગ ૨૧થી ૨૭ના ભાષાન્તરકાર પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. અને પૂ. મુ. શ્રી નયવર્ધનવિજયજી મ. ● સર્ગ ૨૮થી ૩૭ના ભાષાન્તરકાર શ્રી કુંવરજી આણંદજી શાહ ● પ્રત્યેક ભાગના સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● એકથી ચાર ભાગોનું પ્રત્યેકનું મૂલ્ય: ૨૦૦ રૂપિયા અને પાંચમા ભાગનું મૂલ્ય: ૧૬૦ રૂપિયા. **પ્રકાશક:** શ્રી નમસ્કાર આરાધના ટ્રસ્ટ, મુંબઈ - ૬

*

**પ્રકરણરત્નાવલિ** ● અર્થ, ભાવાર્થ, ચિત્રો, યંત્રો સહિત ● સંપાદક: પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. ● મૂલ્ય: ૪૮ રૂપિયા ● **પ્રકાશક:** શ્રી ભેરુલાલ કનૈયાલાલ કોઠારી રિલિજિયસ ટ્રસ્ટ, મુંબઈ - ૬.

* * * * *

## પૂજનીય ગુરુ ભગવંતો અને જ્ઞાનભંડારોના સંચાલકોને વિનંતી

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ સંપાદિત પદ્માવતી હવનની પુસ્તિકા પૂજનીય ગુરુ ભગવંતો તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાની છે. જેમને ખપ હોય તેમણે જય જિનેન્દ્ર કાર્યાલયને જણાવવા નમ્ર વિનંતી. હાજર હશે ત્યાં સુધી આપવામાં આવશે.

આજે જ જય જિનેન્દ્રના સભ્ય બનો અને દર અંકે ઈનામી સ્પર્ધાઓમાં ભાગ લેતા રહો.
~~~~~~~~~~~~~~~~~~~~~~~

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૧

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## ૧૦ / ૧૧મા પાને પૂછેલા સવાલોના જવાબ આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** આ સ્પર્ધા માત્ર નોંધાયેલા મેમ્બરો પૂરતી જ હોવાથી લવાજમ ભરીને નોંધાયેલા સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ● સભ્ય ન બન્યા હોય તેમણે મોકલેલા ઉત્તરો ઉપર ધ્યાન આપવામાં નહીં આવે. ● સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ મહિનાથી સભ્ય બની શકાય છે. ● સાદા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરોમાં જવાબો મોકલી શકાય છે. ● અંકમાંથી પાનું ફાડીને મોકલવાની જરૂર નથી. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણાશે. ● જવાબો મોકલનારે નીચે જણાવ્યા મુજબની વિગતો કાગળના મથાળે ડાબી બાજુએ સ્પષ્ટ અક્ષરે લખવી. આ વિગતો માત્ર ગુજરાતી અથવા હિંદીમાં જ લખવી. ● જવાબપત્રમાં નીચે જણાવેલી વિગતો અને જવાબોને બાદ કરતાં અન્ય કશું લખવું નહીં. ● એક વ્યક્તિ એક જ ઉત્તરપત્ર મોકલી શકશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી, ચોખવટો કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## ● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નામ ____________________

સરનામું ____________________

____________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________________

જિલ્લો ____________________ ફોન નંબર ____________________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

તમારી એન્ટ્રી ડિસેમ્બર, ૨૦૦૪ની આખર તારીખ સુધી અમને મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત ફેબ્રુઆરી, ૨૦૦૫ના અંકમાં કરવામાં આવશે. ● **એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૧૧ લખવું જરૂરી છે.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૧

**ખાસ ધ્યાન આપશો :** અહીં પૂછેલા સવાલોના જવાબો આ અંકમાં જ ક્યાંક છુપાયેલા છે. પ્રશ્ન વાંચો, પાનાં ફેરવો અને જવાબો શોધી કાઢીને આજે જ કાર્યાલયને રવાના કરો. **યાદ રહે :** અહીં પૂછેલા સવાલોના જવાબો આ અંકમાં હશે તે જ માન્ય ગણાશે. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણવામાં આવશે. ● **ખાસ મહત્ત્વની સૂચના :** જવાબો મોકલનારે માત્ર પ્રશ્ન નંબર અને ઉત્તર જ લખવા. પ્રશ્ન અને ઉત્તર; બન્ને ન લખવા. ● **એક વાચક લખે છે કે** 'પોસ્ટકાર્ડમાં જવાબ લખી મોકલીએ તો શું વાંધો? એક પોસ્ટકાર્ડમાં બધા જવાબો ખુશીથી આવી જાય! શા માટે કાગળમાં લખીને પાંચ રૂપિયાનો ટિકીટખર્ચ કરીએ?' વાત તો ખરી! આપનું ધ્યાન દોરવાનું કે પોસ્ટખાતાના નિયમ પ્રમાણે ઇનામી સ્પર્ધામાં ભાગ લેનારે પોસ્ટકાર્ડમાં જવાબો લખવા હોય તો કોમ્પિટિશન પોસ્ટકાર્ડ વાપરવું ફરજિયાત છે. અને આ પોસ્ટકાર્ડની કિંમત છે *'માત્ર છ રૂપિયા!'* તમે કોમ્પિટિશન પોસ્ટકાર્ડમાં જવાબ લખો તો અમને જરાય વાંધો નથી!! ● એકનો એક જવાબ બીજીવાર ન આવવો જોઈએ.

૧. સોનું કોલસામાં ફેરવાઈ ગયું. કયા શેઠનું કમભાગ્ય?
૨. 'શેનો ઢગલો' શીર્ષકવાળી વાર્તા વંચાઈ જાય એટલી વારમાં મુનિ સોમચંદ્ર કેટલી ગાથાઓ ગોખી લે?
૩. સોમચંદ્ર મુનિની નજરે જે ઢગલો સોનામહોરોનો હતો તે બીજાઓની નજરે શેનો હતો?
૪. એમના ઉપદેશથી હજારો .......... ખુલી.
૫. હેમચંદ્રાચાર્ય મહારાજને સર્વજ્ઞ જેવા હોવાનું બિરુદ મળ્યું તે એમના સર્વજ્ઞ જેવા ..........ના કારણે.
૬. હેમચંદ્રાચાર્યના સાહિત્યવૈભવને કોણે ભાવવાહી અંજલિ આપી છે?
૭. હેમચંદ્રાચાર્યની અન્ય રચનાઓની દૃષ્ટિએ, પ્રમાણમાં સમજવામાં સરળ પડે એવો ગ્રંથ કયો?
૮. મમ્મટ અને હેમચંદ્રાચાર્યના કાવ્યચિંતનનો પાયાનો તફાવત કયા ગ્રંથમાં દેખાઈ આવે છે?
૯. પહેલાં શાસન, પછી સમુદાય અને છેલ્લે .......... આ જૈનાચાર્યોનો અગ્રતાક્રમ રહેતો.
૧૦. એમને .......... કહી દીધા પછી બીજું કશું કહેવા જેવું રહે છે જ ક્યાં!
૧૧. દુકાનો કાઢી નાખવી પડી. .......... વેચી નાખવા પડ્યા. જેમ તેમ કરીને બધું કરજ ચૂકવી આપ્યું.
૧૨. સંસ્કૃત કાવ્યજગતનો બેનમૂન ગ્રંથ કયો છે?
૧૩. જ્ઞાનના દરિયા, ..........ના સાગર અને કરુણાના ભંડાર એવા ચારિત્રધર જૈનાચાર્યો હોય છે.
૧૪. મુનિ સોમચંદ્ર નાના હતા ત્યારે જ એમને .......... ગાથાઓ આવડી ગઈ હતી.
૧૫. અલ્યા ભઈ, તારી પાસે કરોડો રૂપિયા છે તો ખાઈ પીને .......... કર ને!

૧૬. ફરી પાછા પોતાની અસલી સ્થિતિમાં આવી ગયેલા શેઠે કયા ભગવાનનું દેરાસર બંધાવ્યું હતું?
૧૭. આવું .......... તો દુનિયાના કોઈ ધર્મગુરુ કરાવી શક્યા નથી.
૧૮. અરે, એના ..........ના દુ:ખથી તો અમે રાત્રે પાણી પણ નથી પીતા!
૧૯. જૈન મુનિના હાથમાં .......... હોય છે અને તેમના ખભે કામળી હોય છે.
૨૦. .......... પંથની તોયે અમારી કૂચ જારી છે.
૨૧. સભામાં કલિકાલસર્વજ્ઞની હાજરીમાત્રથી .......... આવી જતી.
૨૨. હેમચંદ્રાચાર્યના કાવ્યાનુશાસનમાં લક્ષ્યની .......... દૃષ્ટિગોચર થાય છે.
૨૩. ડગલે ને પગલે રસાસ્વાદથી ભરપૂર એવી .......... તો 'વાંચે તે નાચે' જ!
૨૪. કુમારપાળની આજ્ઞાનું પાલન કરનારા બધા રાજાઓ માટે આ ..........નું પાલન ફરજિયાત હતું.
૨૫. .......... તેમનાં ચરણોમાં આળોટતા પણ એથી તેઓ કદી છકી ન જતા.
૨૬. ખરેખર તો તેમણે લખેલા ગ્રંથોની કોઈ .......... જ નથી.
૨૭. જૈનાચાર્યો પાણી જેવા હતા. એમના શરણે આવેલાની .......... થયા વિના ન રહેતી.
૨૮. જૈનાચાર્યોના હૃદયમાં હંમેશાં ..........ના હિતની ચિંતા રહેતી.
૨૯. મોટા વેપારીનાં તો .......... પણ મોટાં જ હોય.
૩૦. સોમચંદ્ર મુનિને ગોચરીમાં મળી પાણીમાં બનાવેલી લોટની રાબ. એય પાછી .......... વિનાની.
૩૧. આ ગ્રંથને વાંચ્યા પછી .......... વિદ્વાનો પણ મોંમાં આગળા નાખી ગયા હતા.
૩૨. કળિયુગ અને .......... વગેરે શબ્દો અને ધારણાઓ હિન્દુ સંસ્કૃતિનાં છે.
૩૩. આ ગ્રંથે શ્રી હેમચંદ્રાચાર્યને દિગ્દિગંતમાં ખ્યાતિ અપાવી.
૩૩. આજનું જૈનશાસન કોઈ .......... જૈનાચાર્યના આગમન અને અવતરણની રાહ જોઈ રહ્યું છે.
૩૪. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ગુજરાતના રાજદરબારના એક તેજસ્વી .......... હતા.
૩૫. હે .......... મુનિરાજ, આપની નજરે જે સોનું દેખાય છે તેને જો આપનો સ્પર્શ થઈ જાય તો તે ખરેખર અસલી સોનું બની જાય.

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૯ નો ઉકેલ**

૧. ખમાસમણ / ૨. ખંધક મુનિ / ૩. ખમત-ખામણાં / ૪. ખુજલી [ખજવાળ-ખરજ]* / ૫. ખીર / ૬. ખવગસેઢિ / ૭. ખમામિ / ૮. ખાંડા [ખડ્ગ] / ૯. ખારવેલ / ૧૦. ખોડ-ખાંપણ / ૧૧. ખુમારી / ૧૨. ખુશી / ૧૩. ખમા-ખમા / ૧૪. ખરતર / ૧૫. ખડી / ૧૬. ખંભાત / ૧૭. ખંડિત / ૧૮. ખાંડ / ૧૯. ખાતમુહૂર્ત [ખનનવિધિ] થાય ત્યારે / ૨૦. ખીરાસવ / ૨૧. ખેલ / ૨૨. ખોરી / ૨૩. ખામેમિ / ૨૪. ખંતિ / ૨૫. ખાર / ૨૬. ખંજરી / ૨૭. ખિમાવિજયજી / ૨૮. ખમંતુ / ૨૯. ખિમારતન / ૩૦. ખણ. * *નોંધ : [] આવા બ્રેકેટમાં આપેલા જવાબો પણ માન્ય ગણેલા છે.*

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૯'નાં વિજેતા :
જયાબેન શાંતિલાલ શાહ (સેટેલાઇટ). તેમને ઇનામ રવાના કરી દેવાયું છે.

પ્રિય બાળદોસ્તો,

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે કાર્તિકીપૂર્ણિમાને વીત્યાને થોડોક જ સમય થયો હશે. કાર્તિકીપૂર્ણિમા એટલે કારતક સુદ પૂનમ. આ દિવસે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ થયો હતો. ભારતભરમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિવસ ધામધૂમથી ઉજવાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ એટલે જૈનશાસનના ચમકતા હીરા. એમણે પોતાના જીવનમાં એકલા હાથે જેટલાં કામો કર્યાં એટલાં કામો દસ મહાન માણસો પણ ભેગાં મળીને ન કરી શકે.

એમણે સાડાત્રણ કરોડ (૩૫ ઉપર છ મીંડાં) શ્લોકોની રચના કરી. એમણે ભારતભરમાં અહિંસાનું પ્રવર્તન કરાવ્યું. એમના ઉપદેશથી હજારો દાનશાળાઓ ખુલી. એમના ઉપદેશથી હજારો સાધર્મિકોનો ઉદ્ધાર થયો. એમના ઉપદેશથી સેંકડો રાજાઓએ માંસાહાર છોડ્યો. એમના પરમ ભક્ત રાજાઓમાં સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળનાં નામો પ્રખ્યાત છે.

દોસ્તો, આ અંકમાં તમને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્યના જીવનની ઘણી વાતો વાંચવા મળશે.

# ગયા અંકના જવાબો

૧. વર્ધમાનકુમાર, ૨. નંદીવર્ધન, ૩. દેવલોકમાં, ૪. વિદેહદિન્ના, પ્રીતિકારિણી, ૫. મામા, ૬. બનેવી ('મામાની દીકરીના વર' એ અર્થમાં), ૭. ધન્ના અણગાર, ૮. ઇન્દ્રભૂતિ, ૯. અગ્નિભૂતિ, ૧૦. પ્રિયદર્શના, ૧૧. જિનેશ્વર તરીકે, ૧૨. ચંદનબાળાના હાથે, ૧૩. પર્યુષણમાં, ૧૪. જંબૂસ્વામી, ૧૫. દેશના આપતા હતા.

***

સાચા જવાબો આપનાર મિત્રો છે : અક્ષય ગાંધી (સાબરમતી, અ'વાદ), નીરવ પી. શાહ (ચાંદલોડીયા, અ'વાદ), ગૌરાંગ ટી. પારેખ (ગોરેગામ, મુંબઈ), પિન્કેશ બી. નગરીયા (વાસણા, અ'વાદ), પૂર્વી જે. શાહ (પાલડી, અ'વાદ).

અન્ય મિત્રોના ઉત્તરો મળ્યા છે, પરંતુ બધા ખરા ન હોવાથી તેમનાં નામો અહીં આપ્યાં નથી. સાચા જવાબો પાઠવનાર બાળમિત્રોના ફોટોગ્રાફ્સ અમને સમયસર ન મળી શકવાથી અંકનું કાર્ય પતી જવાના કારણે લઈ શકાયા નથી.

***

# શું તમને વાર્તા લખતાં આવડે છે?

પ્રિય બાળદોસ્તો,

શું તમને નાની નાની વાર્તાઓ લખતાં આવડે છે? તો આજે જ કલમ ઉઠાવો અને અમને સરસ મજાની વાર્તા લખી મોકલો.

શરત માત્ર બે જ : ૧. વાર્તા તમારે તમારા પોતાના શબ્દોમાં લખવાની, કોઈની લખેલી વાર્તા તમારે તમારા નામે નહીં મોકલવાની. ૨. વાર્તા જૈન ધર્મના સિદ્ધાંતોને અનુકૂળ હોય તે જરૂરી છે.

સરસ વાર્તા માટે જય જિનેન્દ્ર સરસ ઇનામો પણ આપશે. વાર્તા અહીં મોકલશો :

જય જિનેન્દ્રની પાઠશાળા
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ.

# શેનો ઢગલો : સોનામહોરોનો કે કોલસાનો ?

*પ્રિય બાળદોસ્તો,*

*આ અંક તમારા હાથમાં આવશે ત્યારે દેવદિવાળી પતી ગઈ હશે.*

*દેવદિવાળીના પવિત્ર દિવસે દેવ જેવા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજનો જન્મ થયો હતો. આ અંકમાં અમે શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના જીવનની જુદી જુદી વાતો આપી છે. આપણા આ વિભાગમાં પણ આપણે એમના જીવનનો એક પ્રસંગ જોઈશું. આશા છે કે તમને આ પ્રસંગ જરૂર ગમશે.*

બુહ વખત પહેલાંની વાત છે.

આપણા દેશમાં કંઈકેટલાયે જૈનાચાર્યો થઈ ગયા. આ બધામાં સૌથી વધારે જાણીતું કોઈનું નામ હોય તો તે શ્રી હેમચંદ્રાચાર્યજીનું. તેઓ કલિકાલસર્વજ્ઞ કહેવાતા. કલિકાલમાં તેઓ સર્વજ્ઞ જેવા હોવાથી તેમનું એવું નામ પડી ગયું હતું. સર્વજ્ઞ હોય એને બધી ખબર પડે. એ આપણા મનની વાત કહી આપે. આપણે શું ખાધું, શું પીધું, શું કર્યું એ બધું આપણને કહી આપે. એમનાથી કશું છાનું ન હોય. મોક્ષમાર્ગ ચાલુ ન હોય એવા વખતમાં કોઈ પણ વ્યક્તિ સર્વજ્ઞ ન હોય. તો પણ હેમચંદ્રાચાર્ય મહારાજને સર્વજ્ઞ જેવા હોવાનું બિરુદ મળ્યું તે એમના સર્વજ્ઞ જેવા જ્ઞાનના કારણે.

હેમચંદ્રાચાર્ય મહારાજ નાના હતા ત્યારે તેમનું નામ મુનિ સોમચંદ્ર હતું. તમે આ વાર્તા વાંચીને પૂરી કરો એટલી વારમાં તો તેઓ એક સો ગાથા મોઢે કરી લેતા. મુનિ સોમચંદ્ર નાના હતા ત્યારે જ એમને લાખો ગાથાઓ આવડી ગઈ હતી. કહે છે કે તેમને ખુદ સરસ્વતી માતાએ વરદાન આપ્યું હતું કે તેઓ જે વાંચશે તે તેમને મોઢે યાદ રહી જશે.

સોમચંદ્ર મુનિ જ્યારે નાના હતા ત્યારે એકવાર ગોચરી લેવા ગયા હતા. એમની સાથે એક બીજા મહારાજ પણ વહોરવા ગયા હતા.

ગોચરી માટે ફરતાં ફરતાં તેઓ એક મોટી હવેલીમાં જઈ ચડ્યા. મોટી વહેલીમાં તો મોટા શેઠ હોય. મોટા શેઠના ઘરમાં તો જાતની જાતની મિઠાઈઓ ને જાત જાતનાં પકવાન હોય. પણ સોમચંદ્ર મુનિને હવેલીમાં શું મળ્યું? પાણીમાં બનાવેલી લોટની રાબ. એય પાછી ગોળ અને ઘી વિનાની.

સોમચંદ્ર મુનિ તો વિચારમાં પડી ગયા :

**'આટલી બધી સંપત્તિ એના ઘરમાં કચરાની જેમ રખડે છે છતાં ય આ કરોડપતિ શેઠિયો ગરીબની જેમ કેમ જીવે છે?'**

આમ કેમ? આવી મોટી હવેલીનો માલિક આવી રાબ પીએ? ઘરમાં તો સોનાના ઢગલા પડ્યા છે ને ખાવાનું શું? તો કે' પાણી જેવી રાબ. નક્કી કંજૂસનો કાકો લાગે છે!

સોમચંદ્ર મુનિને મમ્મણ શેઠની વાત ખબર હતી. મમ્મણ પણ મોટો શેઠિયો હતો. પણ ખાય શું? તો કે' તેલ અને ચોળા. અલ્યા ભઈ, તારી પાસે કરોડો રૂપિયા છે તો ખાઈ પીને જલસા કર ને! પણ ના, એ તો તેલ ને ચોળા જ ખાય!

સોમચંદ્ર મુનિને ઘડીભર તો થયું કે આય મમ્મણનો મોટો ભાઈ જ લાગે છે! પણ પછી તરત વિચાર આવ્યો કે ના, એવું તો નહીં હોય, કેમકે મમ્મણ તો કદી કોઈને જમાડે નહીં, એ કદી મહારાજ સાહેબને વહોરાવે નહીં, એ કદી દીનદુ:ખીને દાન દે નહીં. પણ આ શેઠે તો કેવા ભાવથી વહોરાવ્યું! તો પછી આમ કેમ? એવું તો નથી કે એ ગરીબ હોય. જુઓને પેલા ખૂણામાં સોનામહોરોના ઢગલા પડ્યા છે. સોમચંદ્ર મુનિ તો વિચારમાં પડી ગયા.

બન્ને મુનિઓ વહોરીને બહાર નીકળ્યા પછી સોમચંદ્ર મુનિથી રહેવાયું નહીં. એમણે પોતાના સાથી મુનિને કહ્યું : 'મને એ નથી સમજાતું કે આ કરોડપતિ શેઠિયો ગરીબની જેમ કેમ જીવે છે? આટલી બધી સંપત્તિ જેના ઘરમાં કચરાની જેમ રખડતી હોય તે આવી રીતે કેમ જીવતો હશે?'

પાછળ પાછળ ધીમા પગલે આવેલા શેઠ સોમચંદ્ર મુનિની વાત સાંભળી ગયા. બન્ને મુનિઓ વાતો કરતા હતા અને શેઠ બરાબર કાન દઈને સાંભળતા હતા.

સોમચંદ્ર મુનિને નવાઈ લાગતી હતી કે ગરીબ માણસ ગરીબીમાં જીવે એ સમજી શકાય, પણ આવો માણસ ગરીબીમાં જીવે એ ગજબ કહેવાય. પાછો કંજૂસ હોય એવું યે લાગતું નથી, કેમ કે એણે કેવું ભક્તિથી વહોરાવ્યું!

સાથીદાર મુનિ શેઠને સારી રીતે ઓળખતા હતા. તેમણે સોમચંદ્ર મુનિને શેઠના પાછલા જીવનનો આખો ઇતિહાસ એક જ લીટીમાં કહી સંભળાવ્યો : 'આ શેઠ પહેલાં ખરેખર કરોડોપતિ હતા. પણ અત્યારે તો સાવ ઘસાઈ ગયા છે અને કારમી ગરીબીમાં આવી ગયા છે.'

સોમચંદ્ર મુનિને પાછી નવાઈ લાગી : 'આ ઘરમાં તો સોનામહોરોના ઢગ પડ્યા છે ને તમે એમને ગરીબીમાં આવી પડેલા કહો છો? મને તો આ ગડબડગોટાળામાં કંઈ સમજ નથી પડતી.'

સાથી મુનિને પણ નવાઈ લાગી. સોમચંદ્ર મુનિ જેને સોનામહોરોનો ઢગલો કહેતા હતા એ ખરેખર તો કોલસાનો ઢગલો હતો! એમણે તો સોમચંદ્ર મુનિને ટપાર્યા પણ ખરા : 'જરા સરખી રીતે જુઓ તો ખરા, એ ઢગલામાં કોલસા છે કે સોનામહોરો છે?'

દબાતા પગલે પાછળ આવેલા શેઠે બધી વાત સાંભળી લીધી હતી. એમને ખબર હતી કે મુનિ સોમચંદ્ર કહેતા હતા એ ખરૂં હતું અને બીજા મુનિ કહેતા હતા એ પણ ખરૂં હતું. એ યુગના જૈન મુનિઓ કદી ખોટું ન બોલતા. તો પછી આમ કેમ બન્યું?

બને, બધું જ બને.

***

એ મોટી હવેલીના માલિકનું નામ ધનેશ્વર શેઠ. એમની પત્ની યશોદા. છોકરાઓના ઘરે પણ છોકરા અને ધનનો તો પાર જ નહીં. જેવું શેઠનું નામ એવા જ એમના ગુણ. આખું કુટુંબ રોજ

**_ઘરમાં તો સોનાના ઢગલા પડ્યા છે ને ખાવાનું શું? તો કે' પાણી જેવી રાબ. નક્કી કંજૂસનો કાકો લાગે છે!_**

સોનાની થાળીમાં જમે.

પણ કહે છે ને કે બધા દિવસો એક સરખા કોઈના જતા નથી. ધનેશ્વર શેઠના જીવનમાં પણ એમ જ બન્યું. વેપારમાં ખોટ આવી. પરદેશ ગયેલાં વહાણ દરિયામાં જ ડૂબી ગયાં. ઉઘરાણી ફસાઈ ગઈ. માથે લાખો રૂપિયાનું દેવું થઈ ગયું. મોટા વેપારીનાં તો દેવાં પણ મોટાં જ હોય. પડતી આવે ત્યારે ચારે બાજુથી આવે. લોકો મોઢું ફેરવી ગયા. શેઠ સામે આવતા હોય તો લોકો રસ્તો બદલી નાખે – 'રખે ને શેઠ ઉછીના પૈસા માગશે તો?' સારા દિવસોમાં ખમા-ખમા કરનારા લોકો પડતીના દિવસોમાં ક્યાંય ગુમ થઈ જાય છે તેની ખબર પણ પડતી નથી.

ધનેશ્વર શેઠના જીવનમાં એવા કપરા દિવસો આવી ગયા કે ધીમે ધીમે મિલકત વેચાઈ ગઈ. દુકાનો કાઢી નાખવી પડી. દાગીના વેચી નાખવા પડ્યા. જેમ તેમ કરીને બધું કરજ ચૂકવી આપ્યું. શેઠ સાવ હાથે પગે થઈ ગયા.

અસલમાં શેઠ ખૂબ બુદ્ધિશાળી હતા. તેમણે ઘણી દિવાળીઓ જોઈ હતી. ઘણા વેપારીઓને ખુવાર થતા જોયા હતા. પોતાના જીવનમાં પણ ક્યારેક આવું બને તો? એમ સમજીને તેમણે અગમચેતી તરીકે હજારો સોનામોહોરો જમીનમાં દાટી રાખી હતી. ક્યારેક મુશ્કેલી આવે તો કામ લાગે. શેઠને એક દિવસ વિચાર આવ્યો કે 'ચાલો, આપણે જમીનમાં દાટેલું સોનું કાઢીએ, જેથી નવેસરથી વેપાર કરી શકાય અને મુશ્કેલીના દિવસો દૂર થાય. પણ શેઠે ખોદકામ કર્યું તો જમીનમાંથી શું નીકળ્યું? કોલસા!

શેઠનું ભાગ્ય ખરેખર ફરી ગયું હતું. જમીનમાં દાટેલું ધન કોલસા બની ગયું. ઘરમાં રાખેલી સોનામહોરો પણ કોલસા બની ગઈ. શેઠને ખબર હતી કે આ ખૂણામાં પડેલા ઢગલા સોનાના જ છે પણ ભાગ્ય ફરી ગયું છે તેથી કોલસા બની ગયા છે.

સોમચંદ્ર મુનિની વાત પણ સાચી હતી અને તેમના સાથીદાર મુનિની વાત પણ સાચી હતી. શેઠને પણ ખબર હતી કે જૈન મુનિઓ ખોટું ન બોલે. અને ખરેખર એ યુગના મુનિઓ પ્રાણાન્તે પણ જૂઠું ન જ બોલતા.

ધનેશ્વર શેઠ એકદમ બહાર આવી ગયા. એમણે બન્ને મુનિવરોને પ્રણામ કરીને કહ્યું : સાહેબજી આપ બન્ને જ કહો છો તે સત્ય છે. એક મુનિરાજની નજરે કોલસા છે તે પણ સાચું છે અને બીજા મુનિરાજની નજરે સોનું છે તે પણ સાચું છે. મારા કમનસીબે સોનું કોલસા બની ગયું.

શેઠે મુનિ સોમચંદ્રને હાથ જોડીને વિનંતી કરી : હે કૃપાળુ મુનિરાજ, આપની નજરે જે સોનું દેખાય છે તેને જો આપનો સ્પર્શ થઈ જાય તો તે ખરેખર અસલી સોનું બની જાય અને તે ફરીથી ક્યારેય કોલસો ન બને.

સાથેના વડીલ મુનિની આજ્ઞા લઈને ધનેશ્વર શેઠે નાના એવા સોમચંદ્ર મુનિને ઊંચકીને સોનાના ઢગલા ઉપર બેસાડી દીધા.

એ જ વખતે જબરી વાત બની. થોડીવાર પહેલાં જે બધાને કોલસા દેખાતા હતા તે હવે સોમચંદ્ર મુનિના પ્રભાવે પાછા સોનું બની ગયા.

નાની વયમાં જ જે સોમચંદ્ર મુનિનો આવો પ્રભાવ હતો એ મોટી વયમાં મહાપ્રભાવક આચાર્ય બને તેમાં શી નવાઈ? પાછળથી જ્યારે તેમને આચાર્યપદ આપવામાં આવ્યું ત્યારે તેમને 'હેમચંદ્રાચાર્ય' એવું નવું નામ આપવામાં આવ્યું.

બાળદોસ્તો, તમને ખબર હશે જ કે 'હેમ'નો અર્થ પણ 'સોનું' જ થાય છે!

ફરી પાછા પોતાની અસલી સ્થિતિમાં આવી ગયેલા ધનેશ્વર શેઠે શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા રચાયેલા હજારો ગ્રંથોના લેખનકાર્યમાં લાખો રૂપિયા વાપર્યા હતા અને તેમણે પોતાના ગામમાં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર પણ બંધાવ્યું હતું.

આવા હતા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય.

## ‘तद्विहितग्रन्थसंख्यैव न हि विद्यते...’

*..... તેઓશ્રીએ પંચાંગીથી પરિપૂર્ણ એવું વ્યાકરણ રચ્યું, પ્રમાણશાસ્ત્ર લખ્યું, છંદ અને અલંકારના ગ્રંથો લખ્યા, એકાર્થ, અનેકાર્થ, દેશી અને નિઘંટુ કોષો રચ્યા, કાવ્યો, ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, શ્રાવકોના આચારોનું સાહિત્ય લખ્યું, અધ્યાત્મપ્રેમીઓ માટે યોગશાસ્ત્ર રચ્યું, લક્ષણ અને સાહિત્યના ગુણવૈભવથી ભરેલું દ્વયાશ્રય મહાકાવ્ય લખ્યું, વીસ પ્રકાશોથી યુક્ત વીતરાગસ્તવ લખ્યો.*

*ખરેખર તો તેમણે લખેલા ગ્રંથોની કોઈ સંખ્યા જ નથી અને મારી જેવા મંદમતિવાળાઓને તો એમના સમગ્ર ગ્રંથોનાં નામોનીયે ખબર નથી.....*

***પ્રભાવક ચરિત્રમાં***
***કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સાહિત્યવૈભવને અંજલિ આપતાં***
***આચાર્ય શ્રી પ્રભાચંદ્રસૂરિજીના ભાવવાહી ઉદ્ગારો***

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

નિષ્ફળતાની ખાતરી હોવા છતાં કાર્યનો આરંભ કરનાર નિષ્ફળતાના ડરથી કાર્ય જ ન કરનાર કરતાં મહાન છે.

●

**સ્પંદન**

સળગતા કિનારા સળગતી નદી ને સળગતાં પંથમાં વૃક્ષો;
વિકટતા પંથની તોયે અમારી કૂચ જારી છે.

●

**ના હોય!**

**નીલુ :** ‘પછી તેં ખોવાઈ ગયેલા અસ્તકીર્તિની ખોજ કેવી રીતે કરી?’

**શૈલુ :** ‘મેં તુક્કો દોડાવ્યો કે એ કદાચ વૌઠાના મેળામાં મળી આવશે અને ખરેખર એ ત્યાંથી જ મળી આવ્યો!’

### !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad